ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન:સ્થાપન માટે અને SCW-12 વહીવટી ગ્રાંટ માટે જોગવાઇ થયેલ ગ્રાંટની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SCW/૧૦૨૦૧૧/૪૮૨૨૨૪/ગ
સચિવાલય,ગાંધીનગર
તા.૦૯/03/૨૦૨૧

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.30/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક:બજટ/૧૦૨૦૧૯/૧૨૦૩૧૯/બ

(૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરનો તા.૧૯/૦૨/૨૦૨૧નો પત્ર ક્ર: ગુસકાવિનિ /હસબ/બજેટ/૨૦૨૦-૨૧/૩૪૯૨-૩૪૯૩

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૫/૦૨/૨૦૨૧નો પત્ર ક્ર:અજાક/છ-૫/૨૦૨૧/૯૦૭-૯૦૮

<u>આમુખ :</u>

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા.30/૦૫/૨૦૨૦ના આ વિભાગના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે રૂ.૧૨૫૦.૦૦ લાખ અને અને SCW-15 વહીવટી ગ્રાંટ માટે રૂ.૨૫૩.૫૫ લાખની આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે. ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમે વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના પત્રથી SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન માટે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન જોગવાઈ પૈકીની રૂ.૧૨૫૦.૦૦ લાખ તેમજ SCW-15 વહીવટી ગ્રાંટ માટેની રૂ.૨૫૩.૫૫ લાખની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. તથા ઉક્ત ગ્રાંટની રકમની વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (3) પરના તા.૨૫/૦૨/૨૦૨૧ના પત્રથી ભલામણ કરેલ છે.

ઠરાવ:

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની ઉક્ત દરખાસ્ત અન્વયે વર્ષ ૨૦૨૦-૨૧ માટે SCW-12 સફાઈ કામદારો અને તેમના આશ્રિતોના પુન: સ્થાપન (પુજ્ય ઠક્કરબાપા આવાસ યોજના(SCW-12) હેઠળ થયેલ રૂ.૧૨૫૦.૦૦ લાખની જોગવાઈ સામે રૂ.૧૨૫૦.૦૦ લાખ તેમજ વહીવટી ગ્રાંટ (SCW-15) માટેની રૂ.૨૫૩.૫૫ લાખની જોગવાઈ પૈકી રૂ.૨૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

શરતો:

(૧) સને ૨૦૨૦-૨૧ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે, તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે, જો કોઇ બચત રહે તો, તે પરત કરવાની રહેશે.

(૫) નિગમે હવે પછીની ગ્રાન્ટ છુટી કરવાની દરખાસ્ત સાથે જે-તે માસનાં અગાઉના માસના ખર્ચનું માસવાર પત્રક દરખાસ્ત સાથે રજુ કરવાનું રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ: ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં માંગણી નંબર-૯૫,૨૨૨૫-૦૧-૧૦૨-૦૨-SCW-12 અને માંગણી નંબર-૯૫,૨૨૨૫-૦૧-૧૯૦-૦૨- SCW-15 ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર તા.૦૫/૦૩/૨૦૨૧ની અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ચિરાગ પટેલ )
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- મેનેજીંગ ડેરીકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન,બ્લોક-૧, બી-૧ વીંગ ત્રીજો માળ, સેકટર-૧૦/એ, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, અમદાવાદ/ રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી ( હ, જ, ક, ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, સા.ન્યા અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ.